## જન્મદિને વધામણી



ગુંજન વોરા
કારોબારી સભ્ય
ગાંધીનગર કલ્ચરલ ફોરમ
મો. ૯૮૭૯૦ ૨૯૫૧૧



કલ્પેશ ડી પટેલ
મો. ૯૮૨૫૫ ૩૬૬૫૬



પ્રતાપસિંહ રાયસિંહ પરમાર
મો. ૯૮૭૯૦ ૩૦૯૬૪



મહેશભાઈ પરસોત્તમદાસ રાવલ
મો. ૯૮૨૪૧ ૪૭૪૧૩



ભાર્ગવ પ્રજાપતિ
મો. ૯૭૨૫૬ ૭૫૯૬૬



સ્વરા જિજ્ઞેશ રાવલ
મો. ૯૮૯૮૭ ૮૭૫૨૦

# રાજપુરમાં બાળકોએ શૉર્ટ ફિલ્મ બનાવી

(તસવીર : કશ્યપ નિમાવત)







## દસ દિવસની ફિલ્મ મેકીંગ શિબિરના અંતે બાળકોએ બનાવેલ ફિલ્મ ‘ધ પ્રોમિસ’’ જોઈ ગ્રામજનો અભિભૂત

## શિબિરના અંતે લાગણીસભર દશ્યો સર્જાયાં : બાળકોની પ્રતિભા સોળે કળાએ નિખરીને બહાર આવી

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર તાલુકાના રાજપુર ગામે પ્રાથમિક શાળામાં આયોજિત દસ દિવસીય ફિલ્મ મેકિંગ શિબિરનો તા. ૨૪મી નવેમ્બર મંગળવારે સમાપન કરાયું હતું. આ સમાપન સમારંભમાં શિબિરમાં ભાગ લઈ ચુકેલા ૪૧ બાળકો દ્વારા તૈયાર કરાયેલ ફિલ્મ ‘‘ધ પ્રોમિસ’’નું સ્ક્રીનીંગ કરાયું હતું. આ પ્રસંગે શિબિરના પ્રશિક્ષિકા ડૉ. સ્વરૂપ સંપટ, ગ્રામીણ વિકાસ કમિશનર ડૉ. જયંતિ રવિ સહિત અનેક મહાનુભાવો તથા વિવિધ શાળાના સંચાલકો-શિક્ષકો અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

બાળકો દ્વારા મૂળ અંગ્રેજી કાવ્ય ‘‘ધ પાઈપ પાઈપર’’ જેનું ગુજરાતી અનુવાદ ‘‘વાંસળીવાળો’’થી ખૂબ પ્રચલિત છે તેના આધારે ‘‘ધ પ્રોમિસ’’ નામની ફિલ્મ બનાવી હતી. આ ફિલ્મના તમામ પાસા જેવા કે નિર્માણ, દિર્ગદર્શન, કેમેરા-શુટિંગ, લોકેશન, પાત્રાલેખન, અભિનય, લેખન, સંગીત, ડ્રેસીંગ વગેરે બધુ જ બાળકો દ્વારા તૈયાર કરાયું હતું. આ કાર્યમાં તેમને પ્રશિક્ષિકા સ્વરૂપ સંપટ તથા તેમની ટીમ ઉપરાંત શાળાના આચાર્યા અનિતાબેન, શિક્ષિકા બિન્દુબેન તથા તેમના પતિ પાર્થેશભાઈ અને અન્ય કર્મચારીગણ તેમજ ગ્રામજનોનો સહકાર સાંપડ્યો હતો. બાળકોએ આ ફિલ્મમાં અદ્‌ભૂત કળા-કૌશલ્યનું પ્રદર્શન કરતાં ખૂબ જ સુંદર ફિલ્મ બનાવી હતી. તેને જોઈને કેમ્પસમાં ઉપસ્થિત સૌ કોઈ દંગ રહી જવા પામ્યા હતા.

આ સમાપન સમારોહમાં ગૂજરાત વિદ્યાપીઠના કુલનાયક અનામિક શાહ, કુલ સચિવ રાજેન્દ્ર ખિમાણી, યુનિસેફના હરેશ ચૌધરી, જાણીતા મોટીવેશન ટ્રેઈનર દિપક તેરૈયા, જાખોર-રાજપુર જુથ ગ્રામ પંચાયતના ઉપ સરપંચ મેહુલ પટેલ, દોલારાણાવાસણાના સરપંચ ઈન્દ્રસિંહ ઉપરાંત છાલા ગામના સરપંચ અને આસપાસના ગામના અગ્રણીઓ, ગ્રામજનો, શિબિરાર્થી બાળકોની સ્કૂલના કર્મચારીઓ, વાલીઓ, વગેરે મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. સમાપન પ્રસંગે બાળકોની ફિલ્મ બાદ સ્વરૂપ સંપટના યુનિટ દ્વારા તૈયાર કરાયેલ ‘‘ધ મેકિંગ ઓફ ધ પ્રોમિસ’’ દ્વારા સમગ્ર શિબિરની કાર્યવાહી તથા બાળકોના ફિલ્મ નિર્માણને આવરી લેતી ફિલ્મ દર્શાવાઈ હતી. શિબિરના અંતે આ યુનિટના સભ્યો તથા બાળકો વાલીઓ સાથે ખૂબ લાગણીસભર દશ્યો પણ સર્જાયા હતા.

## મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૧**
પ્રેમ રતન ધન પાયો
રાત્રે ૯.૩૦

**સ્ક્રીન-૨**
પ્રેમ રતન ધન પાયો
૧૨.૩૦, ૩.૪૫,
૭.૦૦. ૧૦૧૫

**સ્ક્રીન-૩**
સ્પેક્ટર (અંગ્રેજી)
૧.૪૫, ૭.૧૫
સ્પેક્ટર (હિન્દી)
૧૧.૦૦, ૪.૩૦, ૧૦.૦૦

**સ્ક્રીન-૪**
છેલ્લો દિવસ
૪.૦૦, ૭.૧૫, ૧૦.૦૦

**સ્ક્રીન-૫**
પ્રેમ રતન ધન પાયો
૧૦.૦૦, ૨.૦૦

**સ્ક્રીન-૬**
પ્યાર કા પંચનામા-૨
૧૦.૦૦
છેલ્લો દિવસ
૧.૦૦
પ્રેમ રતન ધન પાયો
૫.૩૦

# નિરમા ખાતે આજથી ઍન્જિનિયરિંગની ત્રણ દિવસીય આંતરરાષ્ટ્રીય કોન્ફરન્સ

## પદ્મશ્રી ડૉ. વિજય ભટકર અને ડૉ. અવિનાશ ચંદેર ઉપસ્થિત રહેશે


ગાંધીનગર, તા. ૨૫

એન્જિનિયરિંગ ક્ષેત્રે આંતરરાષ્ટ્રીય કક્ષાની પાંચમી આંતરરાષ્ટ્રીય કોન્ફરન્સનું આયોજન અમદાવાદની નિરમા યુનિવર્સિટી ખાતે કરાયું છે, જેમાં દેશ-વિદેશથી ૭૦૦થી વધુ લોકો ભાગ લેશે. આ કોન્ફરન્સમાં નામાંકિત પદ્મશ્રી વૈજ્ઞાનિકો ઉપરાંત ગુજરાતના અનેક અગ્રણી ઉદ્યોગપતિઓ ઉપસ્થિત રહેશે. ૨૬થી ૨૮ નવેમ્બર દરમિયાન યોજાનારી આ કોન્ફરન્સમાં એન્જિનિયરિંગ ક્ષેત્રના ૧૩૩ રિસર્ચ પેપર રજૂ કરવામાં આવશે.

આ પ્રસંગના ઉદ્‌ઘાટનમાં મુખ્ય અતિથિ તરીકે ભારતના પ્રથમ સુપર કોમ્પ્યુટરના ઘડવૈયા અને સી-ડેકના સ્થાપક અને હાલમાં વિજ્ઞાન ભારતીના રાષ્ટ્રીય પ્રમુખ પદ્મશ્રી ડૉ. વિજય ભટકર ઉપસ્થિત રહેશે. નિરમા યુનિવર્સિટીના સ્થાપક પદ્મશ્રી ડૉ. કરસનભાઈ પટેલ તથા ભારતના સંક્ષણ મંત્રીના વિજ્ઞાન સલાહકાર રહી ચૂકેલા અને ડિફેન્સ રિસર્ચ તથા ડેવલપમેન્ટ ઓર્ગેનાઈઝેશનના ડિરેક્ટર રહી ચૂકેલા પદ્મશ્રી ડૉ. અવિનાશ ચંદેર પણ આ પ્રસંગે હાજર રહેશે.

આ કોન્ફરન્સમાં વિવિધ ઈન્ડસ્ટ્રીના વડાઓ ઉપસ્થિત રહેશે, જેઓ પેનલ ડિસ્કશનમાં પણ ભાગ લેશે. કોન્ફરન્સમાં રોબોટિક્સ, ઓટોમેશન, ઓટોનોમિક કોમ્પ્યુટિંગ, નેટવર્ક ટેક્નોલોજી, ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ પ્લાનિંગ અને મેનેજમેન્ટ, ગ્રીન ટેક્નોલોજી, ઊર્જા સંરક્ષણ જેવા અનેક વિષયો પર ઊંડાણપૂર્વક ચર્ચા કરવામાં આવશે.

# શહેરમાં દેવદિવાળીની શુષ્ક ઉજવણી





ગાંધીનગર શહેરમાં દેવદિવાળીની ઉજવણી બુધવારે શુષ્ક રીતે થઈ હતી. વિતેલાં વર્ષોમાં જેટલા પ્રમાણમાં ફટાકડાની ખરીદી થઈ હતી, જેટલા ફટાકડા દેવદિવાળીની રાત્રિએ ફૂટ્યા હતા એટલા પ્રમાણમાં આ વખતે ફટાકડા ફૂટ્યા નહીં. અલબત્ત, આ માટે કામકાજનો ચાલુ દિવસ અને ફટાકડાના ૨૦ ટકા જેટલા વધી ગયેલા ભાવને પણ કારણભૂત માનવામાં આવે છે. જોકે, દેવદિવાળીનું મુહૂર્ત ફટાકડાના રસિયાઓ અનો ખાસ કરીને બાળકોએ સાચવી લીધું હતું.

(તસવીર : કશ્યપ નિમાવત)

# ગુજરાત યુનિવર્સિટીએ સેનેટની ચૂંટણી માટે મતદાર યાદી નવેસરથી તૈયાર કરવી પડશે !

ગાંધીનગર, તા. ૨૫

ગુજરાત યુનિવર્સિટીમાં સેનેટની ચૂંટણી કયારે યોજવામાં આવશે તે અંગે હજુ સુધી કોઈ સ્પષ્ટતા કરવામાં આવી નથી. સામાન્ય રીતે ચૂંટણી યોજવાની હોય તેના ૪૫ દિવસ પહેલા જાહેરનામું બહાર પાડવાનું હોય છે. હજુ સુધી સેનેટની ચૂંટણી માટે આવી કોઈ પ્રક્રિયા કરવામાં આવી નથી. જેના કારણે હવે જાન્યુઆરી અથવા તો ત્યારપછી જ સેનેટની ચૂંટણી થાય તેવી સ્થિતિ જોવા મળી રહી છે. જો આ પ્રમાણે વર્ષ ૨૦૧૬માં જ સેનેટની ચૂંટણી થાય તો ૨૮ હજારની મતદારયાદી નવેસરથી તૈયાર કરવી પડે તેમ છે. અમદાવાદ મનપાની ચૂંટણી પ્રક્રિયા પૂરી થયા બાદ હવે ગુજરાત યુનિવર્સિટી સેનેટની ચૂંટણીની પ્રક્રિયા શરૂ થાય તેમ છે. નિયમ પ્રમાણે ૭મી ડિસેમ્બરે સેનેટની સમયમર્યાદા પુરી થઈ રહી છે. નિયમ પ્રમાણે સેનેટની સમયમર્યાદા પુરી થાય તે પહેલા નવી સેનેટની રચના કરી દેવાની હોય છે. સેનેટની ચૂંટણી કરવી હોય તો ૪૨ દિવસ પહેલા આ માટેનું જાહેરનામુ બહાર પાડવું પડે છે. હજુ સુધી જાહેરનામું બહાર પાડવાની કોઈ કાંર્યવાહી કરાઈ નથી. હવે પછી જાહેરનામું બહાર પાડવામાં આવે તો પણ ડિસેમ્બરના અંત સુધીમાં ચૂંટણી થાય તેવી કોઈ શકયતા નથી.

જો ડિસેમ્બરના અંત સુધીમાં ચૂંટણી ન થાય તો મતદારોની સમગ્ર યાદી નવેસરથી તૈયાર કરવી પડે તેમ છે. કારણે કે યુનિવર્સિટીના સેનેટની ચૂંટણી માટેના નિયમો પ્રમાણે જે વર્ષમાં ચૂંટણી થવાની હોય તે વર્ષના ડિસેમ્બર મહિનાના અંતમાં જે કર્મચારીઓ અને પ્રોફેસરો મસ્ટર રોલ પર હોય તેઓના નામ જ યાદીમાં સામેલ કરવાના હોય છે. હાલમાં જે ૨૮ હજાર મતદારોની યાદી તૈયાર કરવામાં આવી છે તે વર્ષ ૨૦૧૪ ડિસેમ્બરે જે કર્મચારીઓ અને પ્રોફેસરો મસ્ટર રોલ પર હતા તેમના નામો સાથેની યાદી છે. આ યાદી ડિસેમ્બર ૨૦૧૫ સુધીમાં ચૂંટણી થાય તો માન્ય ગણાતી હોય છે. પરંતુ જો ડિસેમ્બર પછી એટલે કે જાન્યુઆરી પછી ચૂંટણીનું આયોજન કરાય તો ડિસેમ્બર ૨૦૧૫ સુધીમાં જે કર્મચારીઓ અને પ્રોફેસરો મસ્ટર રોલ પર હોય તેમના નામો યાદીમાં સામેલ કરવા પડતાં હોય છે. યુનિવર્સિટીના સૂત્રો કહે છે હવે ડિસેમ્બરમાં ચૂંટણી થાય તેવી કોઈ શકયતા નથી. જેના લીધે જાન્યુઆરીમાં પછી જ ચૂંટણીનું આયોજન કરાશે.

આ સ્થિતિમાં ૨૮ હજાર મતદારોની નવેસરથી યાદી તૈયાર કરવી પડે તેમ છે. યુનિવર્સિટીએ ભારે કવાયત બાદ તૈયાર કરેલી મતદારયાદી હવે વ્યર્થ બની ચૂકી છે. હવે નવેસરથી મતદારયાદી તૈયાર કરવાની કવાયત કરવી પડશે એવી ચર્ચા યુનિવર્સિટી વર્તુળોમાં છે.

# શેત્રુંજય તીર્થની યાત્રાનો પૂનમથી પ્રારંભ થયો

ગાંધીનગર, તા. ૨૫

આજે કારતિકી પૂર્ણિમાથી શેત્રંજય તીર્થયાત્રાનો પ્રારંભ થયો છે, જેમાં ગાંધીનગરના પરિવારો પણ જોડાયા છે. સાથે જૈન ધર્મનાં પૂજ્ય સાધુ-સાધ્વીજીના વિહાર પણ શરૂ થયા છે. ઉલ્લેખનીય છે કે કલિકાસર્વજ્ઞ આચાર્ય હેમચંદ્રાચાર્યજીનો ૧૦૨૭મો જન્મોત્સવ પણ આજે ઉજવવામાં આવ્યો હતો.

સમગ્ર જૈન તીર્થોમાં શેત્રુંજય તીર્થ શિરમોર ગણાય છે. દરેક જૈનની ખ્વાહિશ હોય છે કે જીવનમાં એકવાર તો શેત્રુંજય તીર્થની યાત્રા અવશ્ય કરવી. ભાવપૂર્વક અને વિધિવત શેત્રુંજયની યાત્રા કરનારનો કાળાન્તરમાં અવશ્ય મોક્ષ થાય છે એવી માન્યતા છે. જૈન ગ્રંથકારોનું કથન છે કે અભવ્ય આત્મા કદી શેત્રુંજયની યાત્રા કરી શકતી નથી. આથી જ ભવ્યત્વની છાપ નક્કી કરવા માટે પણ જીવનમાં એકવાર શેત્રુંજયની યાત્રા અવશ્ય કરવી એવી ભાવના પ્રત્યેક જૈનના મનમાં હોય છે.


આ પવિત્ર ભૂમિમાં અનકાનેક આત્માઓ મોક્ષ પામ્યા છે. ચાતુર્માસ દરમિયાન શેત્રુંજયની યાત્રા ન કરવી તેવી પૂર્વાચાર્યોની આજ્ઞા હોવાથી કાર્તિકી પૂર્ણિમાએ નવેસરથી યાત્રા ચાલુ થાય છે, ત્યારે ભાવિકોનાં ઘોડાપૂર યાત્રાર્થે ઊમટી પડે છે.

# ધ રાઈઝીંગ ઑફ કલ્કી : એક નવસર્જન

‘યદા યદા હી ધર્મસ્ય, ગ્લાનિર્ભવતી ભારત, અભ્યુત્થાનમ્ અધર્મસ્ય, તદાત્માનમ્ સૃજામ્યહમ્...’ શ્રીમદ ભગવદ ગીતામાં જણાવાયા પ્રમાણે જ્યારે જ્યારે વિશ્વને ધર્મના સન્માનાર્થે જરૂર પડશે ત્યારે-ત્યારે ઈશ્વર સ્વયં અવતાર લઈને અધર્મનો નાશ કરશે. હાલના કળિયુગમાં વિષ્ણુ સ્વરૂપે ભગવાન કલ્કી મનુષ્ય અવતાર લઈને ધર્મનું સન્માન કરશે તેમ આપણાં ધર્મશાસ્ત્રો સમજાવે છે. તેવી રીતે બાઈબલ અને કુરાનમાં પણ આવી જ ઈશ્વર અવતારોની વાત પ્રસ્તુત છે. પરંતુ સ્વયં વિષ્ણુ ભગવાન કલ્કી સ્વરૂપે આવે તો તેમનો મનુષ્ય દેહ કેવો હોય? તેઓ કેવા લાગે? શું કાર્ય કરે ? કેવી રીતે કાર્ય કરે ? સમાજના સડાને કેવી રીતે નાબૂદ કરીને એક આદર્શ સમાજની સ્થાપના કરે? આ વિષયમાં ચિંતન કરવું અને તે પણ સર્જનાત્મક રીતે ઈશ્વરને મનુષ્ય સ્વરૂપ આપવું તે માત્ર લેખક જ કરી શકે છે.

આ જ કથાવસ્તુને લઈને અંગ્રેજી ભાષામાં લખાયેલ નવલકથા ‘ધ રાઈઝીંગ ઑફ કલ્કી’ ઈશ્વરની વ્યાખ્યા આપીને ઈશ્વરનો સમજાવવાનો પ્રયત્ન કરે છે. પરંતુ આ નવલકથામાં ભગવાન વિષ્ણુ કોઈ ચમત્કારી પુરુષ નથી કે નથી તેમની પાસે કોઈ જાદુઈ છડી કે જેના વડે સમગ્ર વિશ્વને પોતાના ધાર્યા પ્રમામે એક પલકારામાં ફેરવી દે. એમની પાસે વિશેષ અસ્ત્રસસ્ત્ર પણ નથી આ નવલકથાના લેખક જૈમિન શુક્લએ એવા ઈશ્વરની કલ્પના કરી છે કે જે સામાન્ય મનુષ્ય જ જેવા દેખાતા હોય, સામાન્ય માણસ જેવું જ જીવન જીવે. પરંતુ તેમના કાર્યથી સમગ્ર સમાજ તેમની તરફ આકર્ષાય છે અને આપોઆપ સમાજ સુધરવા લાગે છે. કોઈ નિયમો, બંધનો કે ફરજોથી સમાજને વાળવાને બદલે પ્રેમથી સમાજ પરિવર્તન પામે છે.

આ તબક્કે નવલકથા એક કાલ્પનિક કથાવસ્તુથી વળાંક લઈને સાચા જીવન સાથે જોડાય છે. આજની અરાજકતાભરેલા વિશ્વમાં સૌને પ્રમની જરૂર છે. ગાંધીજીના માનવા પ્રમાણે પ્રેમ એ જ સત્ય છે અને સત્ય છે તે જ ઈશ્વર છે. એટલે ભગવાન કલ્કી ભલે અવતાર લે કે ન લે, પરંતુ આપણે સૌ એકમેક સાથે પ્રેમસભર





વર્તન કરીએ તો તે આપણું સૌનું ઈશ્વર તરફનું પ્રયાણ જ છે. અને તે અર્થમાં આપણે સૌ આપણા ઈશ્વર જ છીએ. કલ્પનાસભર નવલકથાને વાસ્તવિક જીવન સાથે જોડવાની ખૂબીને કારણે જ કદાચ આ નવલકથા જાણીતી બની છે. લેખકને આ પ્રકારની આવડતને કારણે ધન્યવાદ આપવા ઘટે.

સૅક્ટર-૩૦માં રહેતા અને નિવૃત્ત શિક્ષકના પુત્ર જૈમિન શુક્લએ ૨૦૧૧માં ‘ધ રાઈઝીંગ ઑફ કલ્કી’ લખવાની શરૂઆત કરી. ઈશ્વર વિશે જુદી વાત કરવી એટલે આફતનો મધપુડો છંછેડવા જેવું સાહસ. પરંતુ તેમના કહેવા પ્રમાણે ભગવદ્‌ગીતા, કુરાન અને બાઈબલના અભ્યાસ બાદ તેમના મનમાં ઈશ્વરની જે પ્રતિકૃતિ, જે છબિ, જે શક્યતા સ્પષ્ટ થઈ તેના પરથી જ વાર્તાનાં વલયો એક પછી એક ખૂલતા ગયા. આ ભ્યાસ પાત્રાલેખન પરથી સ્પષ્ટ થાય છે કારણ કે નવલકથાના હીરોનું નામ વારીસ છે, તે એક મુસલમાન યુવાન છે અને વારીસની પત્નીનું નામ ખુશ્બુ છે, જે એક હિન્દુ છે. જેથી નવલકથામાં કોઈ ધર્મવિશેષ કે કોઈ ધર્મના ઈશ્વરવિશેષ નથી. તે અલબત્ત આસ્થાવિશેષ છે, માનવતા વિશેષ છે. આ તો નવલકથાની ખૂબી છે. ૨૦૧૪માં નવલકથા પૂર્ણ થયા બાદ ૨૦૧૫ના જાન્યુઆરીમાં વિખ્યાત પ્રકાશક પેન્ગ્વિન રેન્ડમ હાઉસની પેટા કંપની પાર્ટરીજ પ્રકાશકે આ નવલકથાને સમગ્ર વિશ્વ સમક્ષ મૂકી છે. હાલમાં ઑનલાઈન વેચાણના જમાનામાં આ પુસ્તક સમગ્ર વિશ્વમાં વંચાઈ રહ્યું છે તેવો લેખકનો દાવો છે. ગુજરાતમાં ગુજરાતી હોવા છતાં અંગ્રેજી ભાષામાં આવો પ્રયત્ન કરનાર અને વિશ્વ ફલક ઉપર પોતાની સર્જનાત્મકતાનો પરિચય કરાવનાર જૈમિન શુક્લનો પ્રયત્ન આપણને ગૌરવ અપાવનાર છે.

આ અગાઉ લેખકે વાર્તાસંગ્રહ ‘સ્ટોરી ઑફ રોમાન્સ ઈન અમદાવાદ’ બ્લૉગરૂપે રજૂ કરેલ છે. આ સંગ્રહ લગભગ ૬૯ દેશોમાં વંચાઈ ચૂક્યો છે. તેમણે એક કૉમર્શિયલ નાટક તથા ઘણાં નૉન કૉમર્શિયલ નાટકો લખ્યાં છે. ગાંધીનગરના ગૌરવસમી આ છૂપી પ્રતિભાને વંદન... આ યુવા લેખક પાસે વધુ નવસર્જનની અપેક્ષા.

- ડૉ. પ્રણવ જોષીપુરા

# ગુજરાત યુનિવર્સિટીમાં પરીક્ષાઓ પાંચમી ડિસેમ્બરથી આરંભાશે

ગાંધીનગર, તા. ૨૫

ગુજરાત યુનિવર્સિટી સાથે જોડાયેલી કોલેજોમાં આગામી તા.પાંચમી ડિસેમ્બરથી બી.એ.,બી.કોમ, બી.એસસી સહિતની સેમેસ્ટર-૫ અને પી.જી. સેમેસ્ટર-૩ની પરીક્ષાનો પ્રારંભ થઈ રહ્યો છે. આ પરીક્ષામાં અંદાજે ૬૦ હજારથી વધારે વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહેશે. સામાન્ય રીતે યુનિવર્સિટીની પરીક્ષાઓનો એક મોટો તબક્કા પૂરી થઈને હવે બીજા તબક્કાની પરીક્ષા શરૂ થાય તેમ હતી. પરંતુ કોર્પોરેશનની ચૂંટણી જાહેર થતાં પરીક્ષા સ્થગિત કરાઈ હતી..

હવે પહેલા તબક્કાની પરીક્ષા તારીખ પાંચમી ડિસેમ્બરથી શરૂ થઈ રહી છે. ડિસેમ્બરના છેલ્લા સપ્તાહ અને જાન્યુઆરીના પહેલા સપ્તાહમાં યુનિવર્સિટીની વિવિધ પરીક્ષા પૂરી થશે એવો કાર્યક્રમ નિયત કરવામાં આવ્યો છે.